# રિસર્ચ વગર સફળતા મળતી નથી

## IIT-Gn ખાતે યોજાયેલ સમર ઇન્ટર્ન પ્રોગ્રામમાં ૧૮૦થી વધુ રિસર્ચ સ્ટુડન્ટ્સે ભાગ લીધો

**અમદાવાદ: ૬ જૂન ૨૦૧૪**

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી- ગાંધીનગર દ્વારા વેકેશન દરમિયાન બહારના સ્ટુડન્ટ્સ માટે ખાસ સમર રિસર્ચ ઇન્ટર્નશીપ પ્રોગ્રામ (એસઆરઆઇપી) ચલાવવામાં આવે છે. જે અંતર્ગત ભારતની અલગ અલગ એન્જિનિયરિંગ કોલેજ અને યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ આઇઆઇટીમાં ચાલતા પ્રોજેક્ટના રિસર્ચ વર્કમાં કામ કરે છે. અઢી મહિના દરમ્યાન તેમણે પોતાના રિસર્ચ વિશે એક પ્રેઝન્ટેશન પણ પ્રોગ્રામના અંતે આપવાનું હોય છે. આ વર્ષે ભારત માંથી કુલ ૯,૨૦૦ સ્ટુડન્ટ્સે આ પ્રોગ્રામ માટે એપ્લીકેશન મોકલી હતી. ત્યારબાદ તેમના એજ્યુકેશન નોલેજ અને તેમના પ્લાનીંગ વગેરે ફેક્ટરને ધ્યાનમાં લઇને આઇઆઇટી ફેકલ્ટી દ્વારા કુલ ૧૮૦ કરતા વધારે સ્ટુડન્ટ્સને પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતના ૬૦ કરતા વધારે સ્ટુડન્ટ્સ આ પ્રોગ્રામમાં જોડાયા છે.

### શું છે સમર રિસર્ચ ઇન્ટર્નશિપ

આ પ્રોગ્રામમાં આઇઆઇટી ગાંધીનગરના ફેકલ્ટી પ્રોફેસર્સ પોતાના ફિલ્ડના વિવિધ સબજેક્ટ પર રિસર્ચ કરતા હોય છે. આ વર્ષે આઇઆઇટીમાં ૭૦ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. સ્ટુડન્ટ્સે પોતાના ઇન્ટરેસ્ટ પ્રમાણે પ્રોજેક્ટની પસંદગી કરવાની હોય છે. ત્યારબાદ તેઓ ફેકલ્ટી સાથે તે પ્રોજેક્ટ રિસર્ચ વર્કમાં કામ કરે છે. આ પ્રોગ્રામમાં ભારતની બીજી આઇઆઇટીના સ્ટુડન્ટ્સ પણ જોડાય છે.



હું આવાનારા વર્ષોમાં પીએચડી કરવા માંગું છું. અંહી હું એક બોડીપી પ્રોડેક્ટ રિસર્ચ પર કામ કરી રહ્યો છું. આ રિસર્ચ મને પીએચડીના રિસર્ચમાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. સાથે નવી આઇઆઇટી હોવાથી એવું હતું કે ફેસેલીટીનો અભાવ હશે પરંતુ અંહીની ફેસેલીટી અને લેબ ખૂબ જ સરસ છે. ગુજરાતનો અનુભવ મને ખૂબ સારો રહ્યો. **- પી. રામસ્વામિ સંદીપ, તેલંગાણા**



હું અંહી ફ્લોરો સેલ પર રિસર્ચમાં ભાગ લઇ રહી છું. અંહી રિસર્ચ કરવાનો જે અનુભવ અમને આ બે મહિના દરમિયાન મળે છે તે અમારા ફ્યુચર માટે ઘણો ઉપયોગી થશે. કારણ કે અમે લેબમાં એવા મશીનરી સાથે કામ કરીએ છીએ જે અમે અત્યાર સુધી યુઝ નથી કર્યા. અંહીની સુવિધા અને ફેકલ્ટી સાથે રીસર્ચ કરવામાં અમે ખૂબ નવી નવી બાબતો શીખ્યા. **- અશ્વિની રાજગોપાલ, પોંડીચેરી યુનિવર્સિટી, કેરાલા**

ફોટો : હિતેશ રાઠોડ



આ પ્રોગ્રામ ચલાવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે બહારના સ્ટુડન્ટ્સ આઇઆઇટી ગાંધીનગર વિશે જાણે. ઘણીવાર એવું બને છે કે નવી આઇઆઇટીને કારણે તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિશે સ્ટુડન્ટ્સ જાણતા નથી હોતા. આ પ્રોગ્રામમાં રિસર્ચ દરમ્યાન સ્ટુડન્ટ્સ અમારી લેબ, કેમ્પસ, કલ્ચર, હોસ્પિટાલિટી, ફેકલ્ટી વગેરેને જાણે છે. સાથે જ તેમને મોટા પ્લેટફોર્મ પર રિસર્ચ કરવાની તક મળે છે. **- ડૉ. શનમુગનાથન રમન, આ. પ્રોફેસર**